

અમારી હામ જોઈ સમસમીને રહી ગયો દરિયો, અમે તરતાં રહ્યાં બેસીને કાગળના તરાપા પર

આપના માટે વિક્રમ સંવત ૨૦૮૩ ચડાવ-ઉતારવાળું વર્ષ રહેશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન ૨૦૨૭ દરમિયાન ગુરુ સાતમા સ્થાનેથી આપની રાશિ પર દૃષ્ટિ કરશે, તેથી આ ગાળો વર્ષનો સૌથી ફળદાયી સમય બનશે. પરંતુ જૂનના પ્રારંભથી શનિની પનોતી શરૂ થશે અને ૨૫ જૂનથી ગુરુ ફરી અષ્ટમ સ્થાને જશે, તેથી ઉત્તરાર્ધ સાવધાની માગશે. આ વર્ષનો મૂળમંત્ર છે: તક મળે ત્યારે ઝડપી લો, મુશ્કેલી માટે અગાઉથી તૈયારી રાખો.

માનસિક સ્થિતિ : ચિંતા વચ્ચે આત્મવિશ્વાસનો સંચાર થશે

૫ ડિસેમ્બર ૨૦૨૬થી રાહુ આપની રાશિમાં આવતાં મનમાં અજંપો, અધીરાઈ અને ઝડપથી બધું મેળવી લેવાની તાલાવેલી વધશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન **ગુરુની શુભ દૃષ્ટિથી આત્મવિશ્વાસ વધશે અને મન પ્રફુલ્લિત રહેશે.** જૂનથી શરૂ થતી પનોતી ઘર-પરિવારની ચિંતાને કારણે માનસિક ભાર વધારી શકે. ધ્યાન, પ્રાણાયામ અને નિયમિત દિનચર્યા સહારો બનશે.

આરોગ્ય : બેદરકારી ટાળો, સ્વાસ્થ્યની વિશેષ કાળજી રાખો

આરોગ્યની દૃષ્ટિએ વર્ષ કાળજી માગી લેનારું છે. વર્ષના પ્રારંભથી ૨૪ જાન્યુઆરી સુધી અષ્ટમ સ્થાનનો ગુરુ જૂની બીમારીનો ઉથલો કે નવી તકલીફ આપી શકે. ૧૨ નવેમ્બર ૨૦૨૬થી ૯ એપ્રિલ ૨૦૨૭ અને ૨૬ એપ્રિલથી ૪ જૂન દરમિયાન બ્લડપ્રેશર અને લોહી સંબંધી તકલીફથી સાવધ રહેવું. **૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન આરોગ્યમાં રાહત મળશે.** વૈશાખ વદ બારસથી શરૂ થતી પનોતી અને ૨૫ જૂનથી ફરી અષ્ટમ સ્થાને આવતો ગુરુ છાતીમાં દુખાવો, શ્વાસ સંબંધી ગભરામણ અને માનસિક તાણ આપી શકે. છાતી કે કોલેસ્ટ્રોલની તકલીફ ધરાવતાં જાતકોએ વિશેષ સાવચેતી રાખવી. વાહન ચલાવતી વખતે ધ્યાન રાખવું.

ધંધો-વેપાર : મધ્યમાં તેજી, ઉત્તરાર્ધમાં પડકારો વધશે

વેપારી વર્ગ માટે ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂનનો ગાળો સુવર્ણ તક સમાન છે. સાતમે ગુરુ ભાગીદારી, નવા કરારો અને વેપાર-વિસ્તાર માટે અનુકૂળ વાતાવરણ સર્જશે. માર્કેટિંગ, ટેક્નોલોજી, આયાત-નિકાસ અને કમિશન આધારિત વ્યવસાયમાં ખાસ લાભ થશે. વર્ષના પ્રારંભથી ૨૪ જાન્યુઆરી સુધી કામકાજમાં રુકાવટ રહેશે. ૨૫ જૂન પછી ગુરુ પ્રતિકૂળ બનતાં અને પનોતી શરૂ થતાં ધંધામાં ધીમી ગતિ, નાણાંની ખેંચ અને કર્મચારીઓની સમસ્યા વધી શકે. રાશિમાં રાહુ ઉતાવળિયા સાહસ તરફ ખેંચે, માટે મોટું જોખમ ન લેવું. **ભાગીદાર પર આંધળો વિશ્વાસ ન રાખવો અને દરેક વ્યવહાર લેખિતમાં કરવો.**

નોકરી : બઢતીની તકો, જવાબદારીઓનો બોજ વધશે

નોકરિયાત વર્ગ માટે આ વર્ષ પરિશ્રમ મુજબ પ્રગતિનું છે. વૈશાખ વદ બારસ સુધી ત્રીજે શનિ હોવાથી આપની મહેનતની નોંધ લેવાશે અને જવાબદારી વધશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન ઉપરીઓ કામની કદર કરશે અને બઢતી, બદલી કે નવી નોકરીના યોગ સર્જાશે. ૨૫ જૂન પછી કામનું દબાણ વધશે અને સ્થાનફેરની ફરજ પડી શકે. **રાહુના પ્રભાવથી આવેશમાં નોકરી છોડવાનો નિર્ણય ખાસ ટાળવો.**

નાણાકીય સ્થિતિ : આવક વધશે, ખર્ચ પણ સતાવશે

આર્થિક રીતે વર્ષ મધ્યમ રહેશે. ૫ ડિસેમ્બર સુધી રાહુ ધન ભુવનમાં રહેતાં આકસ્મિક ખર્ચ અને ઉઘરાણીમાં વિલંબ થશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન આવક વધશે, જૂની ઉઘરાણી છૂટી થશે અને બચત કરી શકાશે. ૨૫ જૂન પછી મકાન, વાહન અને માતા-



પિતાના આરોગ્ય પાછળ મોટો ખર્ચ આવી શકે. **વીમા, પીએફ કે વારસામાંથી અણધારી રકમ મળવાની શક્યતા પણ છે.** ઉધાર આપવાનું અને કોઈના જામીન બનવાનું ટાળવું.

પારિવારિક અને પ્રેમ સંબંધો : સુખદ સંબંધોમાં ગેરસમજથી સાવધ રહો

વર્ષનો પૂર્વાર્ધ પારિવારિક રીતે સુખદ રહેશે અને ભાઈ-બહેનોનો સહકાર મળશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂનનો ગાળો લગ્ન અને સગપણ માટે ઉત્તમ છે. વૈશાખ વદ બારસથી યોથે શનિ આવતાં માતાના આરોગ્ય, **ઘરની શાંતિ અને મિલકત બાબતે ચિંતા વધશે, માટે વડીલો સાથે મતભેદ ટાળવા.** ૫ ડિસેમ્બરથી સાતમે કેતુ આવતાં દાંપત્યમાં નાની ગેરસમજ થઈ શકે. **જીવનસાથી સાથે ખુલ્લો સંવાદ જાળવવો અને પ્રેમ સંબંધોમાં પ્રામાણિકતા રાખવી.**

શિક્ષણ : મહેનત અને એકાગ્રતાથી સફળતા મળશે

૫ ડિસેમ્બરથી રાહુના પ્રભાવે વિદ્યાર્થીઓનું ધ્યાન ભટકી શકે, માટે મોબાઇલ અને સોશિયલ મીડિયાનો ઉપયોગ મર્યાદિત રાખવો. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂનનો ગાળો અભ્યાસ, પરીક્ષા અને પ્રવેશ માટે ઉત્તમ છે. **ટેક્નિકલ, કાયદો, મેનેજમેન્ટ અને વિદેશ અભ્યાસમાં સફળતા મળી શકે.** ૨૫ જૂન પછી ઘરના વાતાવરણની અસર અભ્યાસ પર ન પડે તેની કાળજી રાખવી.

કોર્ટ-કચેરી : જૂના વિવાદોના ઉકેલની આશા જાગશે

જૂના કોર્ટ કેસોમાં **૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન સમાધાન કે નિકાલની શક્યતા છે.** વૈશાખ વદ બારસ પછી મકાન-જમીનના વિવાદો ફરી ઊભા થઈ શકે, માટે દસ્તાવેજો વ્યવસ્થિત રાખવા. કોઈ પણ કાગળ વાંચ્યા વિના સહી ન કરવી.

સરકારી કામકાજ : વિલંબ છતાં પ્રયત્નો ફળદાયી નીવડશે

સરકારી અને ખાતાકીય કામોમાં વર્ષના પૂર્વાર્ધમાં થોડા અવરોધો આવી શકે. **૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન ગુરુની શુભ દૃષ્ટિથી અટકેલાં કામોમાં ગતિ આવશે.** જૂન પછી સરકારી કચેરીઓમાં વિલંબ અને દોડધામ વધી શકે, પરંતુ ધીરજ અને યોગ્ય રજૂઆતથી કામ પાર પડશે.

પ્રવાસ : પ્રવાસના યોગ, સાવચેતી પણ જરૂરી

વૈશાખ વદ બારસ સુધી ટૂંકા વ્યાવસાયિક પ્રવાસો ફળદાયી નીવડશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન ધાર્મિક યાત્રા કે કુટુંબ સાથેના પ્રવાસનો આનંદ મળશે. રાહુના પ્રભાવથી વિદેશ પ્રવાસના યોગ બને. ૨૫ જૂન પછી બિનજરૂરી પ્રવાસ ટાળવો.

શેરબજાર અને રોકાણ : ઝડપી નફાની લાલચ ભારે પડશે

૫ ડિસેમ્બરથી રાશિમાં રાહુ ઝડપી નફાની લાલચ જગાડશે, પરંતુ સટ્ટો ભારે પડી શકે. વર્ષના પ્રારંભથી ૨૪ જાન્યુઆરી અને ૨૫ જૂન પછીના ગાળામાં વાયદા કે ઊંચા જોખમવાળા રોકાણથી દૂર રહેવું. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન **લાંબા ગાળાનું, સમજપૂર્વકનું રોકાણ મર્યાદામાં રહીને વિચારી શકાય.**

(શીર્ષક પંક્તિ : ખલીલ ધનતેજવી)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુ:** વર્ષના પ્રારંભે ગુરુ અષ્ટમ સ્થાન (સિંહ રાશિ)માં રહેતાં ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ સુધી આરોગ્ય, ખર્ચ અને વિલંબની ચિંતા આપશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન સુધી ગુરુ વક્રી ગતિએ સપ્તમ સ્થાન (કર્ક રાશિ)માં આવશે. ત્યાં ઉચ્ચનો ગુરુ આપની રાશિ પર દૃષ્ટિ કરતાં લગ્ન, ભાગીદારી, નોકરી અને પ્રતિષ્ઠા માટે ઉત્તમ સમય સર્જશે. **૨૫ જૂનથી ગુરુ ફરી અષ્ટમ સ્થાનમાં પ્રવેશતાં વર્ષાન્ત સુધી સાવધાની રાખવી પડશે.**

● **શનિ:** વર્ષના પ્રારંભથી વૈશાખ વદ બારસ (આશરે ૨ જૂન ૨૦૨૭) સુધી **શનિ તૃતીય સ્થાન (મીન રાશિ)માં રહેતાં પરાક્રમ, હિંમત અને પ્રયત્નોમાં સફળતા આપશે.** ત્યારબાદ ચતુર્થ સ્થાન (મેષ રાશિ)માં પ્રવેશતાં અઢી વર્ષની પનોતી શરૂ થશે. ઘર, માતાનું આરોગ્ય, વાહન અને મિલકત પર તેની અસર વર્તાશે.

● **રાહુ:** વર્ષના પ્રારંભે રાહુ ધન ભુવન (કુંભ રાશિ)માં રહેશે. ૫ ડિસેમ્બર ૨૦૨૬થી રાહુ આપની જ રાશિ (મકર)માં અને કેતુ સપ્તમ સ્થાને આવશે. રાહુ મહત્ત્વાકાંક્ષા વધારશે, પણ મૂંઝવણ અને ઉતાવળિયા નિર્ણયો પણ આપી શકે. **ધીરજ અને સંયમ તેના પ્રભાવને હળવો કરશે.**